### વરસાદના આગમન સાથે વતનની વાટે

# સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના માર્ગો પર હિજરતી માલધારીઓની વણઝાર શરૂ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં આ વખતે તાઉતે વાવાઝોડાની અસર પછી પ્રિ-મોન્સૂન એક્ટિવીટી વહેલી સક્રીય થઈ છે. બંન્ને જિલ્લામાં વાવાઝોડા સાથે વરસાદ ફુંકાયા પછી ચોમાસાનો વિધિવત આરંભ થાય તે અગાઉ કચ્છ અને રાજસ્થાનના હિજરતી માલધારીઓએ ઢોરઢાંખર સાથે વતનની વાટ પકડી છે. ચોમાસુ નજીક હોવાના અણસાર જણાતાં માર્ગો ઉપર હિજરતી માલધારીઓની બે દિવસથી લાંબી વણઝારના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. દર વર્ષે ઉનાળાની સીઝનમાં ઘાસચારા અને પાણીની તંગી ઉદ્ભવતાં માલધારી પરિવારો ઘેટાં-બકરાં અને ઉંટ સાથે જિલ્લામાં પડાવ નાખતા હોય છે પરંતુ ચોમાસુ ઢુકળું આવે એટલે તરત વતન જવા પ્રયાણ કરતા હોય છે.

પશુઓ સાથે એક ગામ થી બીજે ગામ ફરતા માલધારીનું જીવન કષ્ટમય હોય છે પરંતુ પશુઓ ઉપર વધુ નિર્ભર રહેતા માલધારીઓ ચોમાસુ નજીક આવે એટલે અચૂક વતનની વાટ પકડતા હોય છે. જિલ્લામાં ચોમાસાના સંકેતો મળ્યા પછી કાળઝાળ ગરમીના માહોલમાં કમોસમી વરસાદ ભલે વરસ્યો હોય પરંતુ વાતાવરણમાં પ્રિમોન્સૂન એક્ટિવિટી સક્રીય થયાના માત્ર અણસારથી માલધારી પરિવારોએ વતનમાં જવા માટે પગ ઉપાડ્યા છે. માલધારીઓને હવામાન ખાતાની આગાહીઓ સાથે કોઈ જ નિસ્બત નથી અને તે અંગેનું પૂરતું જ્ઞાન ન હોવા છતાં હવામાનના બદલાતા રૂખને પારખીને ચોમાસુ હવે નજીક હોવાનું માની માલધારીઓ ઢોરઢાંખર સાથે વતન જવા માટે રવાના થતા હોય છે. જિલ્લામાં ઉનાળા દરમ્યાન ગામે ગામ હિજરતી માલધારીઓએ હજારોની સંખ્યામાં પશુઓ સાથે પડાવ નાખ્યા હતા પરંતુ હવે વરસાદની પધરામણી થતાં ઘેટાં-બકરાં અને ઊંટની વણઝાર સાથે હજારો માલધારીઓ કચ્છ અને રાજસ્થાન ભણી રવાના થઈ રહ્યા છે.





### સંભવિત ત્રીજી લહેર સામે તંત્ર એક્શનમાં

## અરવલ્લી જિલ્લા કલેક્ટરે ફિજીશીયન પીડીયાટ્રીશીયન ડૉક્ટરો સાથે મીટીંગ યોજી

### હોસ્પિટલમાં ઓક્સિજન સહિત આઈ.સી.યુ.ની પૂરતી વ્યવસ્થા ગોઠવવા સૂચના

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

અરવલ્લી જિલ્લામાં કોરોનાની બીજી લહેર નબળી પડતાં આરોગ્ય વિભાગે હાશકારો અનુભવ્યો છે પરંતુ સંભવિત ત્રીજી લહેર સામે તંત્ર એક્શનમાં આવ્યું છે. તાજેતરમાં જિલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરે જિલ્લાના ૨૦ થી વધુ ખાનગી હોસ્પિટલના ફિજીશીયન અને પીડીયાટ્રીશીયન ડાંક્ટરો સાથે ત્રીજી લહેર મુદ્દે બેઠક યોજી હતી જેમાં સગર્ભા મહિલાઓ તેમજ બાળકો ઉપર વધુ જોખમને ધ્યાનમાં રાખી ખાનગી હોસ્પિટલોમાં ઓક્સિજન સહિત આઈ.સી.યુ.ની પૂરતી વ્યવસ્થા સાથે બેડ તૈયાર રાખવા સૂચના આપ્યાનું જાણવા મળ્યું છે.

સમગ્ર રાજ્યમાં કોરોનાની આગામી ત્રીજી લહેરની દહેશત વ્યક્ત થઈ છે. ત્રીજી લહેર દરમ્યાન જાનહાની રોકવા માટે સરકાર એક્શન મોડમાં આવી છે. અરવલ્લી જિલ્લામાં બીજી લહેર સૌથી વધુ ઘાતક સાબિત થઈ હતી અને સંક્રમણ રોકવાના પ્રયાસો છતાં મૃત્યુ આંક ઉંચકાયો હતો જેના કારણે હવે આગામી ત્રીજી લહેરમાં કોઈ કચાસ રહી ન જાય તે માટે આરોગ્ય તંત્ર સાથે જિલ્લાનું વહીવટી તંત્ર સરકારની સૂચનાઓને પગલે ચોકન્નું બન્યું છે. તા.૫ ના રોજ જિલ્લા કલેક્ટરે ત્રીજી લહેરની સંભવિત તૈયારીઓના ભાગરૂપે નિષ્ણાત ડાંક્ટરો સાથે બેઠક યોજી હતી અને હોસ્પિટલમાં ઓક્સિજન સહિતની પૂરતી વ્યવસ્થાઓ ગોઠવવા માટે સૂચના આપી હતી. નિષ્ણાતોના મત મુજબ ત્રીજી લહેરમાં સગર્ભા મહિલાઓ અને બાળકો ઉપર વધુ જોખમ હોવાના કારણે જિલ્લા કલેક્ટર દ્વારા ડાંકટરો સાથે આ મુદ્દે ગહન ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આયોજીત મીટીંગમાં આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓએ પણ હાજરી આપી સરકારી સૂચનાઓથી ડાંક્ટરોને અવગત કરાવ્યા હતા.

## કોરોનાને નિમંત્રણ : મોડાસા ડેપોના કંટ્રોલ પોઈન્ટ પર ભીડ અનકંટ્રોલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

મોડાસાના હંગામી એસ.ટી. ડેપોના કંટ્રોલ પોઈન્ટ ઉપર મુસાફરોની ભીડ અનકંટ્રોલ રહેતાં કે આવા કોઈ નિયમો અમલમાં ન હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે.

કોરોનાનું સંક્રમણ નબળું થઈ છે. કાયમી રૂટની બસ એસ.ટી. સ્ટોપ ઉપર થોભાવવામાં આવતી ન હોવાની રોજની ફરિયાદોથી કંટ્રોલ પોઈન્ટ ઉપર




કોરોનાને નિમંત્રણ મળવાની દહેશત છે. પૂછપરછ અને એસ.ટી. બસ સ્ટોપ ઉપર નિર્ધારીત રૂટની બસ ઉભી રહેતી ન હોવાની ફરિયાદો કરવા રોજ ટોળાં એકત્ર થતાં સોશ્યલ ડિસ્ટન્સના ધજાગરા ઉડી રહ્યા છે. કોઈ આમ નાગરિક દ્વારા સરકારી ગાઈડલાઈનનો ભંગ કરવામાં આવે તો તંત્ર જાહેરનામાના ભંગનો ગુનો નોંધે છે પરંતુ એસ.ટી. ડેપોમાં જાણે પડતાં એસ.ટી. નિગમ દ્વારા તબક્કાવાર રીતે કાયમી રૂટની બસ સેવા શરૂ કરવામાં આવી છે. કોરોનાની બીજી લહેરમાં એસ.ટી. વિભાગને અસંખ્ય રૂટ બંધ કરવાની ફરજ પડ્યા પછી હમણાંથી ૬૫ ટકા એસ.ટી. રૂટ શરૂ કરવામાં આવ્યા છે. જ્યારે મોડાસાના હંગામી એસ.ટી. ડેપોમાં બસ રૂટ શરૂ કરાયા પછી કોરોનાનું સંક્રમણ ફેલાવવાની દહેશત ઉભી મુસાફરો અને જવાબદારો સાથે ચકમકના દ્રશ્યો કાયમી બની ગયા છે. જ્યારે પૂછપરછ માટે પણ હવે ભીડ વધી છે જેના કારણે કંટ્રોલ પોઈન્ટ આગળ સોશ્યલ ડિસ્ટન્સના નિયમો કોરાણે મૂકાયા છે. એસ.ટી. સત્તાવાળા દ્વારા કંટ્રોલ પોઈન્ટ સ્થળે અનકંટ્રોલ ભીડ ઉપર કાબુ મૂકવામાં નહીં આવે તો મુસાફરોમાં કોરોનાનું સંક્રમણ હાવિ થવાની શક્યતા છે.

### જિલ્લાની સહકારી સંસ્થાઓમાં ભરતીનું લીસ્ટ ચકાસો..

જિલ્લાની ટોચની સહકારી સંસ્થાઓમાં પાછલા બારણે રૂપિયા ખંખેરીને હજારો બેરોજગારોને અન્યાય કરી ભરતી કરી દેવામાં આવી છે ત્યારે ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ અને ભાજપના આગેવાનોએ સાબરકાંઠા જિલ્લાની સહકારી સંસ્થાઓમાં ભાજપની વિચારસરણીવાળા આગેવાનો જ મહત્વના પદ ઉપર છે. પરંતુ ભરતીનું લીસ્ટ ચકાસવામાં આવે તો કોંગ્રેસના આગેવાનોના સૌથી વધુ સગાઓની ભરતી કર્યાના આક્ષેપમાં કેટલું તથ્ય છે તે બહાર આવે જેથી ભાજપના નામ પર પોતાનું ભલું કરવા માટે નિકળી પડેલા સહકારી આગેવાનની કરણી અને કથનીનો ખેલ હવે ટૂંક સમયમાં બહાર પડી શકે છે.

### ભાજપનો સહકારી આગેવાન કોંગ્રેસનો હાથો બન્યો..!!

# બાયડ શહેર ભાજપ સંગઠનનું કોકડું ગુંચાયું, કમલમ્‌માં રજૂઆત

### સહકારી આગેવાનના ઈશારે કોંગ્રેસ પોતાના માણસને મૂકાવવા મેદાનમાં..!!

હિંમતનગર, તા.૦૭

બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખનું કોકડું ગુંચવાયું છે. છેલ્લા ૫ દિવસથી શહેર સંગઠન પ્રમુખ તરીકે કોણ..?? તેને લઈને ભાજપના કાર્યકરો ચાતક નજરે રાહ જોઈને બેઠા છે તેવા સમયે જ બહાર આવેલી વિગતો અનુસાર ભાજપનો સહકારી આગેવાન કોંગ્રેસનો હાથો બન્યો છે અને કોંગ્રેસ પોતાના માણસને ભાજપ સંગઠન પ્રમુખ તરીકે મૂકવા માટે મરણિયા પ્રયાસ કરતાં બાયડ શહેર ભાજપના સંનિષ્ઠ કાર્યકરોએ સોમવારે કમલમ્‌માં જઈ રજૂઆત કર્યાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. આવનારા દિવસોમાં બાયડ શહેર ભાજપ સંગઠનનું કોકડું ઉકેલાઈ શકે છે..!!

છેલ્લા કેટલાય સમયથી રાજકીય પ્રયોગશાળા ગણાતા બાયડમાં કોણ શું કરે..?? તે કહેવું મુશ્કેલ છે. ગત ફેબ્રુઆરીમાં યોજાયેલી બાયડ પાલિકાની સામાન્ય ચૂંટણીમાં ભાજપનો ભગવો લહેરાયો, કોંગ્રેસ હોંશિયામાં ધકેલાયા જેવી સ્થિતિમાં સત્તા વિહોણા થયેલા અનેક લોકો અત્યારે તરફડતા હોય તેવા દ્રશ્યો જોવા મળે છે. મોંડે મોંડે પણ ભાજપના સંગઠનમાં પોતાનો માણસ ગોઠવાય અને વર્ષ-૨૦૨૨માં યોજાનારી વિધાનસભા ચૂંટણીમાં ભાજપમાં જોડાઈ જઈએ તેવા અભરખા સાથે કોંગ્રેસના સોગઠાબાજોએ ભાજપના ટોચના નેતાઓ સાથે ઘરોબો ધરાવતા સહકારી આગેવાન સાથે અંદરખાને હાથ મિલાવ્યા છે. જેમાં ટોચની સહકારી સંસ્થાના સહકારી આગેવાન વર્ષોથી કોના ઈશારે નાચી રહ્યા છે તે જગજાહેર છે અને હવે તેમના ખભા ઉપર બંદૂક મૂકી બાયડ શહેર ભાજપ સંગઠનના પ્રમુખ તરીકે કોની પસંદગી કરવી તેનો ખેલ શરૂ થયો છે. જેની ગંધ બાયડના સંનિષ્ઠ ભાજપના આગેવાનો અને કાર્યકરોને આવી જતાં તાબડતોબ ૧૬ જેટલા આગેવાન, કાર્યકરોએ કમલમ્‌માં પહોંચી સંગઠન પ્રમુખ માટે સક્ષમ અને સૌને ગમતા ઉમેદવારની પસંદગી કરવા રજૂઆત કર્યાનું જાણવા મળ્યું છે.

### ગાંધીનગર સમાચારનો પડઘો..

# બાયડમાં રોડ સાઈડના ગટરનાં જોખમી ઢાંકણ દૂર કર્યા, તાબડતોબ નવાં ઢાંકણ

બાયડ તા.૦૭

પ્રિ-મોન્સૂનની કામગીરી કાગળ ઉપર ચાલી રહી છે. મોડાસા-બાયડ-કપડવંજ હાઈવે ઉપર ભૂગર્ભ ગટરનાં જોખમી ઢાંકણ દૂર થતાં નથી તેવા અહેવાલ એકમાત્ર ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થયાના ૪ કલાકમાં જ તાબડતોબ નવાં ઢાંકણ નંખાતાં બાયડના વેપારી અને વાહન ચાલકોમાં ખુશાલી જોવા મળી હતી.

અરવલ્લી કલેક્ટરના અધ્યક્ષ સ્થાને મળેલી બેઠકમાં તમામ વિભાગના અધિકારીઓને ચોમાસા પૂર્વે પ્રિ-મોન્સૂન કામગીરી પૂર્ણ કરવા આદેશ આપવામાં આવ્યા હતા પરંતુ બાયડ-મોડાસા-કપડવંજ હાઈવે ઉપરના ગટરના જોખમી ઢાંકણ હટાવ્યા ન હતા જેના કારણે ગમે ત્યારે ગંભીર અકસ્માતનો ભય હતો. વેપારી અને વાહન ચાલકોએ પોતાની સમસ્યા ગાંધીનગર સમાચારને જણાવતાં અહેવાલ પ્રસિદ્ધ થયા અને એ સાથે જ જિલ્લાનું વહીવટી તંત્ર એક્શનમાં આવી આર. એન્ડ બી. સ્ટેટને તાબડતોબ જોખમી ભૂગર્ભ ગટરનાં ઢાંકણ દૂર કરી નવાં ઢાંકણ મૂકવા માટે આદેશ આપતાં ગણતરીના કલાકમાં જ પ્રજાની છેલ્લા ૨ વર્ષથી માથાના દુઃખાવારૂપ બનેલી સમસ્યાનો હલ આવ્યો છે. બાયડ પાલિકાના ભાજપના કોર્પોરેટરોએ પણ ગાંધીનગર સમાચારના અહેવાલને જાહેરમાં બિરદાવ્યા છે.



## સાબરડેરીએ લૂઝ ઘી ના ભાવમાં ૧૨નો ઘટાડો કર્યો

સાબરડેરીએ સોમવારે લૂઝ ઘી ના ભાવમાં કીલો દીઠ રૂા.૧૨ નો ઘટાડો કરતાં સમગ્ર જિલ્લાની પ્રજામાં ભાવ ઘટાડો ચર્ચાના એરણ ઉપર રહ્યો છે. લૂઝ ઘી અગાઉ રૂા.૪૪૩ માં કીલોગ્રામ મળતું હતું જે હવે ભાવ ઘટાડો અમલી બનતાં રૂા.૪૩૧ના ભાવે મળશે. સાબરડેરીમાં દૂધ મંડળીઓ દ્વારા મોકલાતા દૂધમાં ભેળસેળ સહિતની અનેક ગંભીર ફરિયાદો છતાં સાબરડેરી સત્તાવાળાઓ તત્કાલ યોગ્ય પગલાં ભરવામાં નિષ્ફળ જતા હોય તેવી છાપ ઉભી થઈ છે. માત્ર ભરતી કરવાની હોય તો જ ઉતાવળ થતી હોવાના પણ આરોપ લાગેલા છે. જિલ્લાના પશુપાલકોનું હીત જોવામાં કહેવાતા સહકારી આગેવાનો નિષ્ફળ રહ્યા છે. ભરતીમાં પણ પોતાના મામકાઓને ઠેકાણે પાડી પશુપાલકો સાથે દ્રોહ કર્યો છે. પશુપાલકોને દૂધના ભાવ વધુ આપવામાં પણ અનેકવાર પાછીપાની કરીને કેટલા હિતેચ્છુ છે તે પણ જોવા મળ્યું છે અને હવે એકાએક લૂઝ ઘી ના ભાવમાં કીલો દીઠ રૂા.૧૨ નો ઘટાડો કરતાં વધારે પડતો જથ્થો હોય અને તે નિકાલ કરવા માટે ભાવ ઘટાડો કર્યો છે કે પછી અન્ય કોઈ કારણ છે..?? તે અનેક લોકો માટે શોધનો વિષય બન્યો છે.



## ઉત્તર ગુજરાતની શાળાઓમાં પડકાર સાથે નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ

ઉત્તર ગુજરાતની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં સોમવારે નવા શૈક્ષણિક સત્રનો નિરસ પ્રારંભ થયો. વિદ્યાર્થીઓની હાજરી વગર શિક્ષણધામ સૂમસામ જણાયા. મોટાભાગના આચાર્યો અને શિક્ષકો પણ સૂમસામ ભાસતા શૈક્ષણિક સંકુલોથી હતાશ જોવા મળ્યા. માત્ર સરકાર દ્વારા નિયુક્ત કરાયેલા શિક્ષકો હાજર થયા તે સમયે જ ખુશાલી જોવા મળી હતી. જ્યારે માસ પ્રમોશનનો પણ કોઈ જાજો ઉત્સાહ જોવા મળ્યો નથી. લાગે છે કે અનેક પડકારો સાથે નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો છે. તા.૧૦ જૂનથી ઓનલાઈન શિક્ષણ શરૂ થવાનું છે. જેમાં બ્રીજકોર્સ દ્વારા વિદ્યાર્થીઓને ઉપલા વર્ગમાં જવાનું છે તેમને પારંગત બનાવવાનો પ્રયાસ સફળ નિવડશે કે કેમ..?? તે મુદ્દે અસમંજસ જોવા મળી.

કોરોના ઘાતક નિવડી, અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના જીવન ઉપર જોખમ ઉભું ન થાય તે માટે ધો.૧ થી ૧૧ અને ત્યારબાદ ધો.૧૨ એમ તમામ ધોરણાના વિદ્યાર્થીઓને સરકાર અને શિક્ષણ વિભાગ દ્વારા માસ પ્રમોશનનો નિર્ણય લઈ ઉપલા વર્ગમાં ચઢાવતાં મોટાભાગના શિક્ષકો પણ શિક્ષણ વિભાગની આ પ્રકારની નીતિ સામે અંદરખાને નારાજ જોવા મળ્યા. આવનારા દિવસોમાં શિક્ષકોને અનેક પડકારો સાથે શિક્ષણ આપવાનું છે. કોરોનાના કારણે ગત માર્ચ-૨૦૨૦ થી ૭ જૂન-૨૦૨૧ સુધી વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ શિક્ષણ અપાયું નથી. જેના કારણે અનેક વિદ્યાર્થીઓ કાચા રહી ગયા છે અને માસ પ્રમોશનમાં વર્ગ બઢતી મળતાં તેમના ભવિષ્યને માઠી અસરની પૂરી સંભાવના છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાના ૧૮,૫૦૦ શૈક્ષણિક સંકુલોમાં ૧૦૦ ટકા સ્ટાફની હાજરી વચ્ચે શૈક્ષણિક સંકુલો ખૂલ્યા પરંતુ શિક્ષકો અને કર્મચારીઓને વિદ્યાર્થીઓની ગેરહાજરીમાં ૫ કલાક શાળામાં બેસી રહેવાનો પણ કંટાળો આવ્યો હતો. ઉત્તર ગુજરાતની ૭૦૦ થી વધુ ઉ.મા. શાળાઓમાં સરકારના શિક્ષણ વિભાગ દ્વારા પસંદ કરાતા ઉમેદવારોને શિક્ષણ સહાયક તરીકે હાજર કરવામાં આવ્યા હતા.

**નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
**ઈ-પ્રોક્યોરમેન્ટ જાહેર નિવિદા નં. ૦૬ સને ૨૦૨૧-૨૨**

કામનું નામ : (૧) ઓઈલીંગ એન્ડ ગ્રીસીંગ ટુ ઓલ ટાઈપ ઓફ ગેટ્સ બીટવીન ચે. ૧૦૯.૨૦૯ કી.મી. ટુ ૧૫૮.૨૦૦ કી.મી. અંદાજીત રકમ : રૂ. ૦૭૨ લાખના અને (૨) ઓઈલીંગ એન્ડ ગ્રીસીંગ ટુ ઓલ વર્ટીકલ ગેટ્સ ઓન ગોરઠીયા ડેમ. અંદાજીત રકમ રૂ. ૦.૮૮।। કામોના ટેન્ડર ઈ-૨ અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસેથી માંગવામાં આવે છે. કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૧૪/૬૨૦૨૧, ૧૬.૦૦ કલાક સુધીની છે. જ્યારે ભાવો ભરેલા ટેન્ડરો આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી પરત સ્વીકારવાની છેલ્લી તા. ૨૧/૬/૨૦૨૧, ૧૮.૦૦ કલાક સુધી છે. તથા ટેન્ડરો ખોલવાની તા. ૨૨/૬/૨૦૨૧, ૧૨.૦૦ કલાક છે. કચેરીનું સરનામું : કાર્યપાલક ઈજનેરશ્રી સુજલામ્ સુફલામ સ્પ્રેડીંગ ચેનલ વિભાગ નં. ૧, દુર્ગા ઓઈલ મીલ પાછળ, સિંચાઈ ભવન, છાપરીયા રોડ, હિંમતનગર પીન નં. ૩૮૩૦૦૧. ટેલીફોન નંબર . ૦૨૭૭૨-૨૪૬૬૭૧. અન્ય વિગતો વેબસાઈટ www.nwr.nprocure.com અને www.statetenders.gujarat.gov.in પર જોઈ શકાશે.

**નામાનિ/હિંમત/૧૨૬/૨૦૨૧**

**ટચુકડી જાહેર ખબર દર રવિવારે**

ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧